પેન્શનર્સ પ્રકાશ

જૂન-૨૦૨૫

# Importance of Unity and Empathy – A Lesson from the Smallest of Creatures

Dear Friends,

Each of us, at some point, has faced a crisis—be it personal, within our families, in the workplace, or even as a nation. These challenges may arise internally or from external forces, including hostile neighbours. In every such moment, one truth becomes evident: it is **unity and empathy** that see us through.

In the following story, renowned naturalist **Sir David Attenborough** shares a moment from nature that gave him one of the greatest lessons of his life. At a time when we, as individuals, as organisations, and as a proud nation of 1.2 billion people, are marching ahead with confidence, this reflection becomes all the more relevant.

**Read on—in his own words:**

*One morning, while in nature, I woke up early and noticed something unusual. Several dozen ants had fallen into a five-litre water bottle left open overnight. They flailed helplessly, each appearing to struggle for survival. At first glance, it looked like they were drowning each other in desperation.*

*I turned away, disturbed, deciding not to interfere. But after two hours, curiosity got the better of me. I looked again—and to my astonishment, the ants were still alive. Not only that, they had formed a living island, a pyramid of sorts, with some ants supporting others so the colony could stay afloat.*

*I watched, transfixed. The ants at the bottom were submerged, but not for long. They rotated positions—those underneath rose to the top, and those at the top voluntarily went down. There was no panic, no selfishness. Each ant went where it was needed most. This remarkable system of mutual support moved me deeply.*

*I couldn't resist helping. I found a spoon that fit through the bottle's neck and gently inserted it. The ants began to climb out—calmly, without chaos. Just as the last ant was about to emerge, one slipped back into the water, too weak to hold on. And then something happened that I will never forget.*

*The very last ant, almost safe, turned back. As if to say, "Hold on, brother—I won't leave you." She descended, grabbed the struggling ant, but couldn't lift him alone. I brought the spoon closer, and together, they climbed out. Alive. Safe. Together.*

*No book, no film has moved me so deeply. First, I felt shame—for having judged these creatures as emotionless. Then, awe—at their discipline, courage, and selflessness. And finally, sorrow—for us humans. For our indifference. For how often we turn away from those in need. We build walls instead of bridges.*

*If ants—tiny, voiceless creatures—can show such unity and empathy, what stops us from doing the same?*

*That day, I understood: **true strength lies in unity.** And if we have forgotten how to live with compassion, perhaps it's time we learn—from the ants.*

**Long live our Nation, SBI, and our Pensioners' Association. Salute to our Unity and Empathy!**

## Standing in Solidarity with the Families Affected by the Ahmedabad Plane Crash

We are deeply saddened by the recent plane crash that occurred in a residential area of Ahmedabad, tragically impacting not only those on board the ill-fated flight but also innocent civilians — including young doctors, medical students, and interns — in the locality.

This unexpected tragedy has left many families grieving unimaginable losses. **We, the members of the SBI Pensioners' Association,** share in their sorrow and extend our heartfelt condolences to all who have been affected, directly or indirectly, by this heartbreaking incident.

Our thoughts and prayers are with the departed souls. We stand beside the bereaved families in this hour of grief and offer our deepest empathy and support.

Losing a loved one is always painful — even more so when it happens so suddenly and tragically. May strength and peace find those navigating these difficult times.

**Kamal Kadri, Editor**

વર્ષ-૧૮ ● અંક : ૬
પ્રતિ અંક છૂટક કિંમત રૂ.૧૦/-
વાર્ષિક લવાજમ રૂ. ૧૨૦/-

પ્રકાશન સ્થળ : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પેન્શનર્સ એસોસીએશન
એસબીઆઈ ઝોનલ ઓફિસ, ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫

# એકતા અને સંવેદનાનું મહત્ત્વ - સુક્ષ્મ જીવો પાસેથી એક બોધપાઠ

પ્રિય મિત્રો,

આપણે દરેકે, કોઈને કોઈ સમયે, નાની મોટી કટોકટી અથવા સમસ્યાઓનો સામનો કર્યો હશે. પછી ભલે તે વ્યક્તિગત હોય, આપણા પરિવારોમાં હોય, કાર્યસ્થળમાં હોય કે રાષ્ટ્રીયસ્તરે પણ હોય. આવા પડકારો આંતરિક રીતે અથવા બાહ્ય પરિબળોથી ઉદ્‌ભવી શકે છે, જેમાં પ્રતિકૂળ પડોશીઓ પણ હોઈ શકે છે. આવી દરેક ક્ષણમાં, એક સત્ય સ્પષ્ટ થાય છે કે એકતા અને સહાનુભૂતિ/સંવેદના જ આપને આવી સમસ્યા કે મુશ્કેલીમાંથી ઉગારી શકે છે.

ઉપરની વાતને વધુ ને વધુ અનુમોદન, પ્રખ્યાત પ્રકૃતિશાસ્ત્રી સર ડેવિડ એટનબરોએ પ્રકૃતિમાંથી અનુભવેલ એક ઘટનામાંથી મળે છે. તેમના જણાવ્યા મુજબ તે ઘટના તેમના જીવનનો સૌથી મોટો પદાર્થ પાઠ હતો. એક વખત જ્યારે આપણે, વ્યક્તિઓ તરીકે, સંગઠનો તરીકે અને ૧.૪ અબજ લોકોના ગૌરવશાળી રાષ્ટ્ર તરીકે, આત્મવિશ્વાસ સાથે આગળ વધી રહ્યા છીએ, ત્યારે આ વાત વધુ સુસંગત બને છે.

**આગળ વાંચો : એટનબરોના શબ્દોમાં :**

એક ખુશનુમા સવારે, પ્રકૃતિના સાંનિધ્યમાં વહેલો ઊઠી ગયો અને કંઈક અસામાન્ય જોયું. ડઝનબંધ કીડીઓ રાતે ખુલ્લી રાખેલી પાંચ લિટર પાણીની બોટલમાં પડી ગઈ હતી, અને બધી કીડીઓ લાચારીથી જીવિત રહેવા માટે સંઘર્ષ કરી રહી હોય તેવું લાગતું હતું. પહેલી નજરે, એવું લાગતું હતું કે તેઓ એકબીજાને હતાશામાં ડૂબાડી રહી છે.

હું પરેશાન થઈને પાછો ફર્યો, દરમિયાનગીરી ન કરવાનો નિર્ણય લીધો. પણ બે કલાક પછી, મારી જિજ્ઞાસાએ મને કાબુમાં કરી લીધો. મેં ફરી જોયું - અને મને આશ્ચર્ય થયું કે કીડીઓ હજુ પણ જીવંત હતી. એટલું જ નહીં, તેમણે એક જીવંત ટાપુ, એક પ્રકારનો પિરામિડ બનાવ્યો હતો, જેમાં કેટલીક કીડીઓ અન્ય કીડીઓને ટેકો આપતી હતી, જેથી એકબીજીના સહારે તરતી રહી શકે.

મેં જોયું, સ્થિર થઈને તળિયે રહેલી કીડીઓ ડૂબી ગઈ હતી, ટૂંક સમય માટે તેઓ સ્થાન ફેરવતા રહ્યા - નીચે રહેલી કીડીઓ ઉપર તરફ ગઈ અને ઉપર રહેલી કીડીઓ સ્વૈચ્છાએ નીચેની તરફ ગઈ. કોઈ ગભરાટ નહોતો, કોઈ સ્વાર્થ નહોતો દરેક કીડી જ્યાં સૌથી વધુ જરૂર હતી ત્યાં ગઈ. પરસ્પર સહાયની આ અદ્‌ભૂત વ્યવસ્થાએ મને ખૂબ જ પ્રભાવિત કર્યો.

હું પણ મદદ કરવાનો પ્રતિકાર કરી શક્યો નહીં. મને બોટલમાં જઈ શકે તેવી એક ચમચી મળી અને ધીમે ધીમે તેને અંદર દાખલ કરી. જેના સહારે કીડીઓ બહાર નીકળવા લાગી - શાંતિથી, ધક્કામુક્કી વિના. જેમ જેમ કીડી બહાર આવવાની તૈયારીમાં હતી, ત્યારે જ એક છેલ્લી કીડી પાણીમાં પાછી સરકી ગઈ, પકડી રાખવા માટે ખૂબ અશક્ત અને પછી કંઈક એવું બન્યું જે હું ક્યારેય ભૂલીશ નહીં.

છેલ્લી કીડી, લગભગ સલામત, પાછી ફરી. જાણે કહેવા માગતી હોય, "થોભો ભાઈ, હું તને છોડીશ નહીં." તે નીચે ઉતરી, સંઘર્ષ કરતી કીડીને પકડી, પણ તેને એકલી ઉપાડી શકી નહીં, મેં તરત ચમચી નજીક લાવી અને સાથે મળીને બંને કીડી જીવંત અને સલામત રીતે બહાર નીકળી ગઈ.

કોઈપણ પુસ્તક કે કોઈ ફિલ્મે મને આટલી ઊંડી પ્રેરણા આપી નથી. પહેલાં, મને શરમ આવી - આ જીવોને લાગણીહીન ગણવા બદલ મને શરમ આવી. પછી તેમની શિસ્ત, હિંમત અને નિઃસ્વાર્થતા પર વિસ્મય અને દુઃખ થયું. આપણા માટે, આપણે જરૂરિયાત મંદોને પાસે કેટલી વાર, કેટલા દૂર જઈએ છીએ. આપણે પુલને બદલે દિવાલો બનાવીએ છીએ.

જો કીડીઓ - નાના, સુક્ષ્મજીવો - આવી એકતા અને સહાનુભૂતિ/સંવેદના બતાવી શકે છે, તો આપણને તેમ કરવાથી કોણ રોકે છે?

તે દિવસે, મને સમજાયું કે સાચી તાકાત એકતામાં રહેલી છે અને આપણે કરુણા સાથે કેવી રીતે જીવવું તે ભૂલી ગયા છીએ, તો કદાચ કીડીઓ પાસેથી એકતા સંવેદના અને સહાનુભૂતિપૂર્વક જીવન જીવવા/શીખવાનો સમય આવી ગયો છે. આપણું રાષ્ટ્ર, સ્ટેટ બેંક અને આપણા પેન્શનર્સ એસોસીએશનનું સંગઠન અમર રહે.

આપણી એકતા, પરસ્પર પ્રત્યેની સંવેદના અને સહાનુભૂતિને વધુ સુદ્રઢ બનાવીએ.

**અમદાવાદ વિમાન દુર્ઘટનાથી પ્રભાવિત પરિવારો સાથે તેમના દુઃખદ સમયે આપણી સંવેદના તેમની સાથે છે અને તેમના વિષાદમાં સાથે ઊભા છીએ.**

અમદાવાદના રહેણાંક વિસ્તારમાં તાજેતરમાં થયેલી વિમાન દુર્ઘટનાથી આપણા પૈકી દરેકને ખૂબ જ દુઃખ થયું છે. જેનાથી માત્ર દુર્ભાગ્યપૂર્ણ ફ્લાઈટમાં સવાર લોકો જ નહીં, પરંતુ નિર્દોષ નાગરિકો, જેમાં યુવાન ડોક્ટરો, તબીબી વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે અને દુર્ઘટના વિસ્તારના લોકો પર આ દુર્ઘટનાથી દુઃખદ અસર પડી છે.

આ અણધારી દુર્ઘટનાએ ઘણા પરિવારોને અકલ્પનીય નુકસાન પહોંચાડ્યું છે, સ્વજન ગુમાવ્યાનું આક્રંદ છે. અમે, અમદાવાદ પેન્શનર્સ એસોસીએશનના સભ્યો, તેમના દુઃખમાં સહભાગી છીએ અને આ હૃદયદ્રાવક ઘટનાથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પ્રભાવિત થયેલા તમામ લોકો પ્રત્યે અમારી હૃદયપૂર્વકની સંવેદના વ્યક્ત કરીએ છીએ.

**કમલ કાદરી, સંપાદક**



## વડોદરા મોડ્યુલના બંને ડીજીએમનું સન્માન

એસબીઆઈપીએના પ્રમુખ શ્રી આર. એન. ચોક્સી અને તેમની ટીમ દ્વારા એસબીઆઈ વડોદરા મોડ્યુલના નવા ડીજીએમ શ્રી સલીમ એહમદને આવકારતાં અને વિદાય લઈ રહેલ ડીજીએમ શ્રી વિજયકુમાર દિપકને સન્માનિત કરતાં નજરે પડે છે.

## STAFF DEPOSITS : PAYMENT OF 1% ADDITIONAL RATE OF INTEREST : MASTER CIRCULAR

**Circular No. CDO/P&HRD-IR/23/2020-21 Dated : 16-06-2020**

As per extant instructions, Staff members / Retired members in our Bank are entitled to 1% additional rate of interest over and above the rate applicable to public on their deposits placed with the Bank. However, the additional interest rate is payable subject to certain conditions. We have been receiving queries at regular intervals relating to the members eligible for the additional rate, payment in the event of separation of the employee under different circumstances etc. Bank has been issuing clarifications on each occasion and also, as and when Reserve Bank of India issues clarificatory guidelines. However, as many clarificatory instructions have been issued from time to time, a need has been felt, for the convenience of all the staff members and for the sake of uniformity, to consolidate them into a single comprehensive Circular containing all the instructions in one place and also to align the instructions with those recently issued by Reserve Bank of India.

Bank allows additional interest at a rate not exceeding 1% per annum over and above the rate of interest offered to the public, subject to the following conditions:

| S.No. | Existing Instructions | Revised |
|---|---|---|
| (a) | The benefit of additional 1% interest may be allowed on deposits maintained **either singly or jointly** with the other family members of the employee or retired employee irrespective of whether the employee or the family member is the first account holder, provided the employee / retired employee furnishes a declaration that the monies deposited or which may, from time to time, be deposited into such account, shall be monies belonging to him/ her | No Change |
| (b) | A “member of the Bank’s staff” means a person employed on a regular basis, whether full-time or part-time, and includes a person recruited on probation or employed on a contract of a specified duration or on deputation and an employee taken over in pursuance of any scheme of amalgamation, but does not include a person employed on casual basis | No Change |
| *(c)* | *“A retired member of Bank’s staff” or a retired employee means an employee retiring on superannuation or otherwise as provided in the Service / Staff Regulations* | No Change |
| (d) | “Family” means and includes the spouse of the member / retired member of the Bank’s staff and the children, parents, brothers and sisters of the member / retired member of the Bank’s staff, who are dependent on such member/ retired member, but does not include legally separated spouse. | No Change |


## The SBI Pensioners' Association, Ahmedabad Heartily Welcomes



### Shri Balaji Kumar Singhsamanta, Chief General Managar & the New Captain of Team Gandhinagar

Shri **Balaji Kumar Singhsamanta** took charge as Chief General Manager of SBI, Gandhinagar Circle on 20th May 2025. Shri Balaji Kumar Singhsamanta started his career as Probationary Officer in 1995. Prior to this assignment, he had worked in various assignments in the states of New Delhi, Mumbai, Madhya Pradesh, and Odisha. He has vast experience of operations including SME Business. Shri Balaji Kuamr Singhsamanta holds a master's degree in Physics. He has more than three decades of banking experience.

The SBIPA, Gandhinagar Circle wishes him a successful and fruitful tenure in the Circle.




 જીવન એક જુગાર છે. આપણે ઈચ્છીએ કે ન ઈચ્છીએ, એ જુગાર આપણે રમવો જ પડે છે.

## મેડિકલ હેલ્થ ચેકઅપ કેમ્પ-આંબાવાડી ખાતે



એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન-અમદાવાદ દ્વારા એપોલોના સહયોગથી **તા. ૦૧-૦૬-૨૦૨૫**ના રોજ એસબીઆઈ બિલ્ડીંગ, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ ખાતે મેડિકલ હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. આ કેમ્પમાં આયુર્વેદિક ડોક્ટર તથા ફિઝિયોથેરાપીસ્ટ દ્વારા રોગ પ્રમાણે સારવાર કરવામાં આવી. ડાયાબિટીસ ટેસ્ટ તેમજ બ્લડપ્રેશરનું પણ નિદાન કરવામાં આવ્યું. ફેશ સ્ક્રિનીંગ દ્વારા વેલનેસ એસેસમેન્ટ કરવામાં આવ્યું. ઉપરાંત Respiro Machine દ્વારા ફેફસાની ક્ષમતા અને તેના કાર્યનું પરીક્ષણ કરવામાં આવ્યું. લગભગ ૨૦૦ જેટલા પેન્શનરોની અવિરત હાજરી જોવા મળી. એસબીઆઈપીએના હોદ્દેદારો જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, વાઈસ પ્રેસિડેન્ટ સર્વ શ્રી પી. જી. પારઘી, ચિંતક પટેલ, જોઈન્ટ જનરલ સેક્રેટરી સર્વશ્રી રમણ વાઘેલા, ગુણવંત પટેલ કાન્તીલાલ પરમાર, ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી શ્રી કે. વી. શાહ, ટ્રેઝરર શ્રી રવિ સોલંકી તથા કારોબારી સભ્યો સર્વશ્રી સુભાષ પટેલ, એ. કે. બથવાર, જિકેશ પટેલ, આર. વી. મકવાણા, રાજુ શાહ, દિનાઝબેન, રેખાબેન નિખારે, મહેન્દ્ર ચૌહાણ, રાજુલ ભટ્ટ, રમેશ મહાવર તેમજ સક્રિય કાર્યકરો શ્રી સ્મીતેશ શાહ, રવી વાઘેલા વિગેરે ઉપસ્થિત રહ્યાં હતા. આ કેમ્પનો પેન્શનરોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક લાભ લીધો.

---

## Video Life Certificate for the Family Pensioner

Video Life Certificate for the family pensioners has been rolled out in new HRMS. Please get it used by the eligible family pensioner.

Please ensure that photo of the family pensioner is uploaded in HRMS before using the facility.

**New HRMS Login**
↓
hrms-next.bank.sbi
↓
USER ID - PF
↓
Pass word
↓
Insert OTP
↓
My Details
↓
EDIT Dependent details
↓
Upload 50kb - Family member Individual Photo
↓
Upload 50kb - Current Joint Photo

### સન્માનસહ અભિનંદન



એસબીઆઈ પેન્શનર્સ પરિવાર-રાજકોટ યુનિટના શ્રી હિતેશભાઈ ખખ્ખરના ધર્મપત્ની શ્રીમતી પારૂલબેન ખખ્ખર કે જેમણે કવિયત્રી, લેખિકા, સાહિત્યના ક્ષેત્રે અનોખુ પ્રદાન કરી ૧૮થી વધુ એવોર્ડના વિજેતા છે તેમનું એસબીઆઈપીએ-રાજકોટ મોડ્યુલના ડીજીએસ શ્રી શરદચંદ્ર દવેની આગેવાની હેઠળ અન્ય મિત્રોની ઉપસ્થિતિમાં ખેસ, શ્રીફળ-પડો, શાલ અને મોમેન્ટો દ્વારા સન્માન કરી અભિનંદન પાઠવવામાં આવ્યા.

## Important Information Regarding Staff Home Loan Insurance Coverage
## સ્ટાફ હાઉસીંગ લોન માટે ખૂબ જ જરૂરી અગત્યની સુચના

It has come to our notice that there is a significant knowledge gap regarding insurance coverage on staff home loans (IHL). We would like to reiterate that all staff home loans are covered under SBI Group insurance with SBI Life Insurance Co. Unfortunately, due to a lack of awareness, in several instances, family members of deceased staff have repaid the outstanding home loan amounts themselves, unaware that the loan was insured.

Circular No. 68 Dated 06.11.2015 to expired employees whose Staff Housing Loan was opened on or after dt. 01.10.2014. Loan account opened prior dt. 01.10.20214 were not eligible.

Scheme was revised vide **Circular NO. CDO/P&HRD-IR/25/2018-20 dt. 03.07.2019** from dt.01.07.2019 Insurance coverage to all staff housing loan account irrespective of date of sanction. Outstanding for this will be taken as on 30.06.2019. Under this scheme Staff housing loan Sanctioned prior to 01.10.2014 were also covered.

To avoid such situations in the future, all staff are advised to check the insurance coverage status of their home loans. This can be done by following the path below on the **SBI Time portal:**

**Sbi times > Human Resources > Industrial Relations > Click on 'Download' > IHLS INSURANCE DATA AS ON 31/12/2024**

We urge everyone to verify their coverage by Ac number or PF ID number and inform their family members accordingly to ensure they are aware and can benefit from the insurance in the event of any unfortunate circumstances.

Let us all stay informed and ensure our families are protected. Stay safe stay blessed.

## અમદાવાદ વિમાન દુર્ઘટનાના મૃતકોને એસબીઆઈપીએ પરિવારની હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ

**અમદાવાદમાં બનેલ અવિસ્મણીય વિમાન દુર્ઘટનાએ ભારત જ નહીં પણ સમગ્ર વિશ્વને હચમચાવી દીધું છે.**

ગુજરાત માટે ૧૨મી જૂનનો દિવસ ભયાવહ સ્વપ્ન સમાન બની ગયો. અમદાવાદ એરપોર્ટથી લંડન જવા માટે એર ઈન્ડિયાની ફ્લાઈટ ટેકઓફ થયાની માત્ર ૫૦ સેકંડમાં જ પ્લેન ક્રેસની થયાની દુર્ઘટના બની. પ્લેન ક્રેસની ઘટનામાં ૨૬૮ જેટલા નિર્દોષ મુસાફરો, ડોક્ટરો સહીત અનેક લોકોના કરૂણ મોત નિપજ્યા. આ દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીનો પણ જીવનદીપ બુઝાયો. પ્લેન ક્રેસની ઘટના બાદ સ્થિતિને સાચવવા માટે સરકાર, પોલિસ તંત્ર, કોર્પોરેશનના લોકો, એરપોર્ટ ઓથોરીટી, મેડીકલ સ્ટાફે, અન્ય સંસ્થાઓએ અને આજુબાજુના લોકોએ જે રીતે સકારાત્મક ભૂમિકા ભજવી છે તેમની કામગીરીને બિરદાવવી રહી. આ ઘટનાની સૌથી કપરી ક્ષણોમાં અમે સૌ મૃતકોના સ્વજનોની પડખે છીએ. તમામ મૃતકોના સ્વજનો પ્રત્યે SBIPA પરિવાર શોક, સંવેદના અને શ્રદ્ધાંસુમન સાથે તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના અને શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ. ઓમ શાંતિ...

### પ્રભુશરણ

| પી.એફ. નં. | પેન્શનર્સ / ફેમિલી પેન્શનર્સનું નામ | સ્થળ | મોબાઈલ | અવસાન તારીખ |
|---|---|---|---|---|
| ૩૫૬૫૨૨ | અમૃતલાલ ડાહ્યાલાલ મિસ્ત્રી | વલસાડ | ૯૮૨૫૧૫૦૭૬૨ | ૧૨-૦૫-૨૦૨૫ |
| ૭૩૦૬૮૮ | બાલમુકુંદ છોટાલાલ પટેલ | અમદાવાદ | | ૨૩-૦૫-૨૦૨૫ |
| ૩૫૦૩૪૫૩ | કમલેશ નગીનદાસ મોદી | અમદાવાદ | ૭૬૦૦૦૯૮૯૨૧ | ૨૪-૦૪-૨૦૨૫ |
| ૭૦૫૦૫૫ | મહેન્દ્ર એન. દાણી | અમદાવાદ | ૯૧૦૬૨૩૩૧૭૩ | ૨૫-૦૫-૨૦૨૫ |
| ૩૫૦૬૪૮૭ | રમેશ શીવલાલ થાબા | વડોદરા | ૯૯૭૯૯૮૦૩૮૪ | ૨૭-૦૫-૨૦૨૫ |
| ૦૪૨૧૯૦૧ | લક્ષ્મીબેન અમરીશભાઈ સોલંકી | અમદાવાદ | ૯૪૨૬૨૨૭૬૯૫ | ૦૬-૦૫-૨૦૨૫ |
| ૫૨૧૬૬૧૩ | રમણભાઈ કે. વાઘેલા | અમદાવાદ | ૯૪૨૭૪૦૦૫૯૧ | ૧૬-૦૩-૨૦૨૫ |
| ૫૧૭૧૪૨૩ | મુકુંદરાય શંકરલાલ ઠાકર | રાજકોટ | ૯૯૯૮૯૮૭૨૧૩ | ૩૧-૦૫-૨૦૨૫ |
| ૩૫૨૩૨૧૭ | રમણલાલ રામભાઈ પ્રજાપતિ | વલસાડ | ૯૮૨૫૦૩૬૭૩૧ | ૨૬-૦૪-૨૦૨૫ |
| ૭૩૨૮૨૬ | રમેશચંદ્ર અમરતલાલ પંડ્યા | અમદાવાદ | ૯૭૨૪૪૪૫૧૦૧ | ૧૦-૦૬-૨૦૨૫ |
| ૧૭૧૯૪૧૬ | હંસાબેન ડી. વર્મા (ડી. એમ. વર્માના પત્ની) | અમદાવાદ | ૯૮૨૪૦૯૩૦૪૨ | ૧૨-૦૬-૨૦૨૫ |
| ૮૨૬૯૧૩૦ | હરીલાલ વ્રજલાલ ગોરડીયા | વડોદરા | ૮૧૬૦૨૮૬૩૭૦ | ૦૪-૦૬-૨૦૨૫ |

**પ્રભુ સદ્‌ગતના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના સાથે ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.**

**ખાસ નોંધ : પેન્શનર્સના અવસાનની માહિતી આપનારે પેન્શનર્સનું પુરૂં નામ, પી.એફ. નંબર, અને મોબાઈલનંબર અવશ્ય જણાવવો.**

## વ્યારા ખાતે યોજાયેલ પેન્શનર્સ મીટ અને સન્માન સમારોહ



એસબીઆઇ પેન્શનર્સ પરિવાર-બારડોલી તથા તાપી જિલ્લાના સદસ્યોની પેન્શનર્સ મીટ તથા લગ્નજીવનના ૫૦ વર્ષ તથા ૭૦ની વય પૂર્ણ કરનાર પેન્શનર્સ મિત્રોનો સન્માન સમારોહ તા. ૦૨-૦૬-૨૦૨૫ને સોમવારના રોજ ડો. આંબેડકર ભવન-વ્યારા ખાતે યોજવામાં આવેલ. એસબીઆઇ-વ્યારા શાખાના ચીફ મેનેજર, એસબીઆઈપીએના પ્રેસિડેન્ટ શ્રી રમેશ ચોક્સી, જનરલ સેક્રેટરીશ્રી કમાલ કાદરી, વાઈસ પ્રેસિડેન્ટ શ્રી પી. જી. પારઘી, ડેપ્યુટી જનરલ સેક્રેટરી, સુરત મોડ્યુલના શ્રી આર. આર. દેસાઈ, કમિટી સદસ્ય સર્વશ્રી એચ. જી. દેસાઈ-વલસાડ, અશ્વિન રાઠોડ-સુરત, દારા સુરતી-નવસારી, એક્ટિવ મેમ્બર સર્વશ્રી બલદેવ મિસ્ત્રી, એન. બી. સુર્વે, રાજેશ ભાટીયા તથા મોટી સંખ્યામાં પેન્શનર્સ મિત્રો ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમની શરૂઆતમાં આપણા પેન્શનર્સ પરિવારના સદસ્ય શ્રી કનુભાઇ નાયકની સુપુત્રી ભાગ્યશ્રી પટેલ દ્વારા પ્રાર્થના રજુ કરવામાં આવી. સક્રિય સભ્યશ્રી સુનીલ પટેલ દ્વારા ઉપસ્થિત મહેમાનો, પેન્શનરો, આમંત્રિત મહેમાનોનું શબ્દો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. ખાસ ઉપસ્થિત ડો. શીતલ કે જેઓ આપણાં પેન્શનર્સ પરિવારના સદસ્ય શ્રી રમેશભાઇ વી. ચૌધરીના સુપુત્રી છે. તેઓ શ્રી આઇ હોસ્પિટલ-વ્યારા દ્વારા ઉપસ્થિત પેન્શનરોને આંખના રોગો અને તેની કાળજી અને નિવારણ વિશે માહિતી આપી હતી. આમંત્રિત મહેમાન શ્રી રજનીકાંત કંથારીયાએ સૌને ઉપયોગી સ્પીચ આપી હતી. આ મિટીંગમાં નવી મેમ્બરશીપ માટે ખાસ અભિયાન શરૂ કરવામાં આવ્યું. ઉપસ્થિત મુખ્ય મહેમાન ચીફ મેનેજર વ્યારા ઉપરાંત એસબીઆઇપીએના પ્રેસિડેન્ટ શ્રી આર. એન. ચોક્સી, જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, વાઈસ પ્રેસિડેન્ટ શ્રી પી. જી. પારઘી, ડીજીએસ શ્રી રાજુભાઈ દેસાઈ દ્વારા પ્રસંગોચિત સંબોધનો કર્યા હતા. ભાવસાર ફેમિલીએ ખાસ ઉપસ્થિત રહીને શ્રી કમાલ કાદરીના અથાગ પ્રયત્નોથી પી.એફ. અને ગ્રેજ્યુઇટી પ્રાપ્ત થઈ તે માટે આભાર વ્યક્ત કર્યો હતો. શ્રી કમાલ કાદરીએ એક-બે મહિનામાં તેમનું પેન્શન ચાલુ થઈ જશે તેમ જણાવ્યું હતું. એક્ટિવ મેમ્બર્સ શ્રી સતીષ શાહ દ્વારા વ્યારા જેવા બેકવર્ડ એરીયામાં મિટીંગ ગોઠવવા બદલ એપ્રિસીયેશન લેટર રજૂ કર્યો હતો. કાર્યક્રમની સફળતાના શિલ્પી શ્રી અતુલભાઇ ચૌધરી, શ્રી સુનીલ પટેલ, શ્રી દિલેશ ચૌધરી, શ્રી કનુભાઈ નાયક, શ્રી કનુભાઈ ચૌધરી, શ્રી નટુભાઈ ગરાસીયા અને સમગ્ર ટીમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા. પેન્શનર્સ મિત્રોની પરસ્પરની લાગણી સાથે ઉત્સાહભર્યું વાતાવરણ જોવા મળ્યું. પેન્શનર્સ મીટના કાર્યક્રમથી પેન્શનરોમાં નવી ચેતનાનો સંચાર થયો.

કાર્યક્રમના અંતમાં કમિટી સદસ્ય શ્રી અતુલ ચૌધરી દ્વારા ઉપસ્થિત તમામનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.





Eye-care® Hospital
ફ્રી
આંખની
તપાસ
SBI, eSBI ના પેન્શનર્સ તથા
તેમના કુટુંબીજનો માટે
(અદ્યતન સાધનો દ્વારા આંખની સોનોગ્રાફી સહીત)
PATIENT SAFETY & QUALITY OF CARE
NABH
PRE ACCREDITED
• Cataract
• Cornea
• Lasik
• Retina
• Glaucoma
• Oculoplasty
આઈ-કેર હોસ્પિટલના નિષ્ણાંત સર્જન
ડૉ. શશાંક રાઠોડ
ડૉ. આંશી રાઠોડ
સમય: સવારે 9:00 થી 12:00,
બપોરે 3:00 થી સાંજે 6:00 વાગ્યા સુધી
Eye-care® Hospital
પોલીટેકનીક રોડ,
કેતવ પેટ્રોલ પંપની પાછળ,
અમદાવાદ- ૩૮૦૦૧૫
૯૮૨૪૦૮૬૬૧૧
૦૭૯–૨૬૪૪૬૧૩૩
www.eyecarehospital.org
www.eyecarelasikcentre.com

## સન્માનસહ અભિનંદન




એસબીઆઈપીએ-રાજકોટ પરિવારના સદસ્યશ્રી ઈન્દુબેન ઠક્કરના પુત્ર ડો. હિંમાશુ ઠક્કર (ઈએનટી સર્જન) અને પુત્રવધુ ડો. કૃપા ઠક્કર (ડેન્ટીસ) દ્વારા નાક, કાન અને ગળાના રોગની વિસ્તૃત જાણકારી માટે Prevention is better than cure ની પ્રેરણા સાથે લીમ્કા બુકમાં સ્થાન પ્રાપ્ત કરનાર ડો. હિમાંશુ ઠક્કર દ્વારા પબ્લીશ થયેલ "Echoes of Compassion" બુકનું વીરપુર જલારામ મંદિરમાં સંત પૂજ્ય શ્રી રઘુરામ બાપા તથા આર્ષ વિદ્યામંદિરના સ્વામી શ્રી પરમાત્માનંદજીનાં કરકમલથી વિમોચન કરી આશીર્વચન પાઠવેલ. આ પ્રસંગે એસબીઆઈપીએનાં ડીજીએસ શ્રી શરદ દવે અને તેમની ટીમ દ્વારા શ્રી ઈન્દુબેન તથા ડો. હિંમાશુ ઠક્કરનું સન્માન કરતાં ખુશીની લહેર પ્રસરી હતી, જેના પ્રતિભાવ રૂપે એસબીઆઈપીએના તમામ સભ્યોને મદદરૂપ થવા સહકારની ખાત્રી આપી.

## અભિનંદન

**આપણા પરિવારના ડો. જિતેન્દ્ર પટવારીએ ગુજરાત તથા સમગ્ર ભારતને વૈશ્વિક મંચ પર ગૌરવ અપાવ્યું - "ચક્ર હિલીંગ" વિષયમાં વિશ્વની પ્રથમ ડોક્ટરેટ પ્રાપ્ત કરી!**



સ્ટેટ બેંક પરિવાર, ગુજરાત તથા સમગ્ર દેશ માટે આ એક ઐતિહાસિક ક્ષણ છે. ચાર દાયકાથી વધુ લાંબી અને સફળ બેંકીંગ કારકિર્દી બાદ ૨૦૨૦માં નિવૃત્તિ લીધા પછી વડોદરા સ્થાયી થયેલા ડો. પટવારી આજે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસિદ્ધ લેખક, વૈશ્વિક વક્તા, લાઈફ કોચ, કાઉન્સેલર તથા હિપ્નોથેરાપીસ્ટ તરીકે પ્રખ્યાત છે.

૬૪ વર્ષની ઉંમરે તેમણે "ચક્ર હિલીંગ" જેવા ઊંડા અને વણ ખેડાયેલા વિષય પર વિશ્વની પ્રથમ પીએચડી મેળવીને ભારતની જ્ઞાન વિરાસતને નવી ઉંચાઈ અપાવી છે. ચક્ર વિજ્ઞાનને વૈજ્ઞાનિક દ્રષ્ટિએ વૈશ્વિક માન્યતા અપાવતી આ અનોખી સિદ્ધિ છે. યુનાઈટેડ નેશન્સ સાથે જોડાયેલી ઝોરાષ્ટ્રીયન કોલેજ દ્વારા વૈશ્વિક પ્રતિષ્ઠિત રશીયન યુનિવર્સિટી તરફથી મેડીસીના અલ્ટરનેટીવાની ૩૯મી વર્લ્ડ કોંગ્રસ દરમિયાન મુંબઈ સ્થિત રશીયન હાઉસ ખાતે યોજાયેલા સમારંભમાં રશીયા, ઈરાન અને બેલારૂસના કૌન્સ્યુલ જનરલ્સ તથા અન્ય અનેક વિદેશી મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ ડોક્ટરેટ તેમને આપવામાં આવી હતી. 'અજાણ્યા પથ પર અજવાળું પાથરતું "ચક્રસંહિતા" આજે હજારો વાચકોના જીવનમાં પરિવર્તન લાવી ચુક્યું છે. ગુજરાતી અને હિન્દી ભાષામાં ઉપલબ્ધ આ ગ્રંથ ટૂંક સમયમાં અંગ્રેજીમાં પણ પ્રકાશિત થઈ રહ્યો છે. ડો. પટવારીની આ સફળતા માત્ર વ્યક્તિગત સિદ્ધિ નહીં, પણ ગુજરાત ને ભારતના પ્રાચીન અમૂલ્ય આધ્યાત્મિક વારસાનું વૈશ્વિક મંચ પર ગૌરવગાન છે. સ્ટેટ બેંક પરિવાર માટે પણ આ અત્યંત ગૌરવપૂર્ણ ઘટના છે. એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન-અમદાવાદ સર્કલ ડો. પટવારીને હાર્દિક અભિનંદન પાઠવે છે.



# આરોગ્ય સંભાળ (પોલિસી 'એ') અને એસબીઆઈ હેલ્થ આસિસ્ટ (પોલિસી 'બી') નોંધવા યોગ્ય અગત્યના મુદ્દાઓ

**૧. SBI** હેલ્થ કેર હેઠળ **SBI-REMBS**માં આજીવન મર્યાદાના ૧% ડોમિસિલિયરી કવરની જોગવાઈ છે. **૨. SBI** હેલ્થ કેર સ્કિમમાં દર્શાવેલ **૬૩** લિસ્ટેડ રોગો માટે જ ડોમિસિલિયરી કવર ઉપલબ્ધ રહેશે.

**SBI હેલ્થ આસિસ્ટ અને SBI હેલ્થ કેરની સામાન્ય વિશેષતાઓ:**

**૧.** આ પોલિસી ઓપરેશન થિયેટર, ઓટી કન્ઝ્યુમેબલ્સ, રિકવરી રૂમ, પ્રિસ્ક્રિબ્સ કરેલી દવાઓ, અને ઈનડોર પેશન્ટ માટે ડ્રેસિંગ માટેના હોસ્પિટલ ચાર્જને આવરી લેશે. **૨.** હોસ્પિટલમાં દાખલ થયાના ૩૦ દિવસ પહેલાના સમયગાળા માટે પ્રિ-હોસ્પિટલાઈઝેશન ચાર્જ અને ડિસ્ચાર્જ પછી ૯૦ દિવસના સમયગાળા માટે પોસ્ટ-હોસ્પિટલાઈઝેશન ચાર્જ, દરેક હોસ્પિટલમાં દાખલ થયા પછી, **બેઝ વીમા રકમના ૧૦%ની મર્યાદા**ને આધીન ie Rs. 30,000/-. **૩.** ડોક્ટરોની મુલાકાત અને સારવાર ફી ફક્ત હોસ્પિટલાઈઝેશન બીલના ભાગ રૂપે આવરી લેવામાં આવે છે. **૪.** રૂમ ભાડા પર એક મર્યાદા છે. રૂમ ચાર્જમાં નર્સિંગ કેર, **RMO** ચાર્જ, **IV** ફ્લુઈડ/બ્લડ ટ્રાન્સફ્યુઝન / ઈન્જેક્શન એડમિનિસ્ટ્રેશન ચાર્જ અને અન્ય ખર્ચનો સમાવેશ થાય છે. **૫.** જો કોઈ વ્યક્તિ તેની પાત્રતા કરતા ઊંચી રૂમ કેટેગરી પસંદ કરે છે, તો પોલિસી બધા નિર્ધારિત સહયોગી તબીબી ખર્ચાઓ પર કપાતને આધીન રહેશે જે રૂમ ભાડાની પાત્રતા પ્રાપ્ત કરેલ વાસ્તવિક રૂમ ભાડા જેટલી જ હશે. **૬.** એ નોંધવું જોઈએ કે આઈસોલેશન રૂમ માટેનો ટેરીફ **ICU** ની સમકક્ષ ગણવામાં આવશે અને ટેરીફ અને નિર્ધારિત સહયોગી તબીબી ખર્ચાઓ પર પ્રમાણસર શરત સહિતની અન્ય શરતો તે મુજબ લાગુ થશે.

**૭. સહયોગી તબીબી ખર્ચ :**

**એ.** સામાન્ય રૂમ માટે, સહયોગી તબીબી ખર્ચમાં રૂમ ભાડું, નર્સિંગ ચાર્જ, ઓપરેશન તે જ હોસ્પિટલમાં કરવામાં આવેલા મેડિકલ પ્રેક્ટિશનર/સર્જન/એનેસ્થેટિસ ફીનો સમાવેશ થશે જ્યાં વીમાધારક વ્યક્તિને દાખલ કરવામાં આવ્યો છે. **બી.** આઈસીયુ/સીસીયુ માટે, જો આઈસીયુ/સીસીયુ ભાડું પાત્રતા કરતા વધારે હશે તો જ તફાવત કરવામાં આવશે અને સહયોગી તબીબી ખર્ચમાં કોઈ પ્રમાણસર કાપ નહીં. **સી.** જે હોસ્પિટલો ડિફ્રન્શિયલ બિલિંગનું પાલન કરતી નથી અથવા જે ખર્ચાઓ માટે રૂમ કેટેગરીના આધારે ડિફ્રન્શિયલ બિલિંગ અપનાવવામાં આવતું નથી તેમના માટે પ્રમાણસર કપાત લાગુ કરવામાં આવતી નથી. **ડી.** જો હોસ્પિટલ પાસે રૂમ ભાડાના આધારે અલગ અલગ ખર્ચ માટે નિર્ધારિત દર માળખું હોય, તો પેન્શનરને તેના પાત્ર રૂમ ભાડાને અનુરૂપ હોસ્પિટલ ટેરીફ મુજબ સમગ્ર ખર્ચ મળશે.

**ઈ. નીચે દર્શાવેલ ખર્ચ એસોસિયેટ મેડિકલ ખર્ચનો ભાગ નથીઃ**

૧) ફાર્મસી અને ઉપભોક્તા વસ્તુઓનો ખર્ચ, ૨) ઇમ્પ્લાન્ટ અને તબીબી ઉપકરણોનો ખર્ચ, ૩) નિદાનનો ખર્ચ, ૪)તપાસનો ખર્ચ

**૧. ખાસ શરત :** હોસ્પિટલમાંથી રજા આપતા પહેલા કોઈપણ વીમાધારક સભ્યનું મૃત્યુ થાય તો, પાત્રતા કરતાં વધુ રૂમ ભાડું મેળવવાને કારણે સહયોગી તબીબી ખર્ચમાં કોઈ પ્રમાણસર કપાત કરવામાં આવશે નહી.

**૮.** એન્જિયોપ્લાસ્ટી, સીએબીજી, મોતિયા, કોલેસીસ્ટેક્ટોમી, સિંગલ રિપેર સાથે સંકળાયેલ હર્નિયા, ઘૂંટણના સાંધાની બદલી એક પક્ષીય, ઘૂંટણની બદલી - દ્વિપક્ષીય અને પ્રોસ્ટેટ (પ્રોસ્ટેટ કેન્સરની સારવાર સિવાય) જેવી પ્રક્રિયાઓ માટે રોગ મુજબ કેપિંગ/સીલીંગ અસ્તિત્વમાં છે.

**૧) CABG** અને ઘૂંટણ રિપ્લેસમેન્ટના કિસ્સામાં રૂા. ૩ લાખની બેઝ સમઈશ્યોર્ડ માટે દ્વિપક્ષીય, બાકીની રકમ સુપર ટોપઅપમાંથી ચૂકવાવમાં આવશે. **૨) પેરા-૮** હેઠળ ઉલ્લેખિત કોઈપણ મર્યાદિત બિમારીઓમાંથી ઉદ્દભવતી ગૂંચવણોના કિસ્સામાં, જો એક જ હોસ્પિટલમાં દાખલ થવા હેઠળ ઉપરોક્ત મર્યાદિત બિમારીઓના કારણે વધુ સર્જરી હોય, તો આવી વધારાની પ્રક્રિયાનો ખર્ચ કુલ વીમા રકમની અંદર વાસ્તવિક રકમ મુજબ અલગથી ધ્યાનમાં લેવામાં આવશે. **૩)** કૃપા કરીને નોંધ લો કે ઉપર જણાવેલ કેપિંગ/સીમામાં સર્જિકલ પ્રક્રિયાનો ખર્ચ, ઇમ્પ્લાન્ટનો ખર્ચ (જો કોઈ હોય તો) અને હોસ્પિટલાઈઝેશન પહેલા અને પછીના ખર્ચ

**૯. જન્મજાત વિસંગતતાઓ :** પોલિસી હેઠળ ફક્ત જન્મજાત આંતરિક ખામીઓ અને વિસંગતતાઓની સારવાર માટેના ખર્ચને આવરી લેવામાં આવે છે. બાહ્ય જન્મજાત રોગોને આવરી લેવામાં આવતા નથી.

**૧૦. માનસિક રોગ :** માનસિક રોગોની સારવાર માટે થતો ઓપીડી તેમજ ડોમિસિલરી સારવાર હેઠળ આવરી લેવામાં આવશે. ડોમિસિલરી સારવાર ફક્ત એસબીઆઈ હેલ્થ કેર પોલિસી સભ્યો માટે જ લાગુ પડે છે.

**૧૧. નર્સિંગ :** પોલિસી યોગ્ય સીરીયલ નંબરવાળી રસીદ સબમીટ કર્યા પછી અને દરેક હોસ્પિટલમાં દાખલ થવા માટે બેઝ વીમા રકમના મહત્તમ મર્યાદાને આધીન, હોસ્પિટલમાં

દાખલ થયા પછી તરત જ સભ્યના ઘરે સતત સંભાળની તબીબી રીતે જરૂરી જોગવાઈ માટે લાયક અને નોંધાયેલ નર્સ લાભના વાસ્તવિક ચાર્જની સેવાઓ માટે ચૂકવણી કરશે. તે જ ડોક્ટર દ્વારા અને તે જ અકસ્માત/ઈજા માટે સુચવવામાં આવવું જોઈએ, જેના માટે હોસ્પિટલમાં દાખલ થયા હતા, જે રૂા. ૧૦૦૦/- પ્રતિ દિવસની મર્યાદાને આધીન છે.

**૧૨. અદ્યતન તબીબી સારવાર :** નીચે વ્યાખ્યાયિત સારવાર માટે તમામ નવા પ્રકારની મંજૂર અદ્યતન તબીબી પ્રક્રિયાઓ હોસ્પિટલમાં દાખલ થવા સાથે અથવા વગર આવરી લેવા જરૂરી છે :

(૧) ગર્ભાશયની ધમનીનું એમ્બોલાઈઝેશન અને **HIFU**, (૨) બલૂન સિનુપ્લાસ્ટી, (૩) ડીપ બ્રેઈન સ્ટીમ્યુલેશન, (૪) કીમોથેરાપી (૫) પેરીટોનિયલ ડાયાલિસિસ, (૬) ઈમ્યુનોથેરાથી મોનોક્લોનલ એન્ટિબોડી ઈન્જેક્શન આપવમાં આવશે, (૭) ઇન્ટ્રા વિટ્રિયલ ઈન્જેક્શન, (૮) લેસર સર્જરી, (૯) રોબોટિક સર્જરી, (૧૦) સ્ટીરિયોટેક રેડિયો સર્જરી, (૧૧) બ્રોન્કિયલ થર્મોપ્લાસ્ટી, (૧૨) પ્રોસ્ટેટનું વેપોરાઈઝેશન (ગ્રીન લેસર ટ્રીટમેન્ટ હોલ્મિયમ લેસર ટ્રીટમેન્ટ), (૧૩) **IONM** - (ઈન્ટ્રા ઓપરેટિવ ન્યૂરો મોનીટરીંગ), (૧૪) સ્ટેમ સેલ થેરાપી હિમેટોપોએટિક સ્ટેમ સેલ્સ હમેટોલોજીકલ પરિસ્થિતિઓ માટે બોન ટુમોરો ટ્રાન્સાપ્લાન્ટ માટે).

**૧૩. સ્થૂળતાની સારવાર :** સ્થૂળતાની સારવાર અને તેની ગૂંચવણો જેમાં રોગકારક સ્થૂળતાનો સમાવેશ થાય છે, જો તે નીચેની બધી શરતો પૂર્ણ કરે તો તેને આવરી લેવામાં આવશે :

**૧)** ડોક્ટરની સલાહ મુજબ શસ્ત્રક્રિયા કરવી. **૨)** કરવામાં આવતી શસ્ત્રક્રિયા/પ્રક્રિયા ક્લિનીકલ પ્રોટોકોલ દ્વારા સમર્થિત હોવી જોઈએ. **૩)** સભ્ય ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરનો હોવો જોઈએ અને **૪)** બોડી માસ ઇન્ડેક્સ (BMI)

**એ)** ૪૦ થી વધારે અથવા બરાબર, **બી)** વજન ઘટાડવાની ઓછી આક્રમક પદ્ધતિઓની નિષ્ફળતા પછી નીચેના કોઈપણ ગંભીર સહ-રોગ સાથે ૩૫ થી વધુ અથવા તેના બરાબર :

● સ્થૂળતા સંબંધિત કાર્ડિયોમાયોપેથી ● કોરોનરી હૃદય રોગ ● ગંભીર સ્લીપ એપનિયા ● અનિયંત્રિત પ્રકાર ૨ ડાયાબિટીસ

**૧૪. કેન્સર સારવાર :** અદ્યતન કેન્સર સારવાર માટે કેન્સર કવરેજ (ઝોલેડ્રોનિક એસિડ ઈન્જેક્શન સહિત સહાયક/નિયો-સહાયક કાર સારવાર હોસ્પિટલમાં દાખલ/સંભાળ સારવાર સાથે અથવા તેના વિના આવરી લેવામાં આવશે.)

**૧૫. ઉંમર સંબંધીત મેક્યુલર ડિજનરેશન માટે સારવાર** વય સંબંધીત મેક્યુલર ડિજનરેશન (ARMD)ની સારવાર, રોટેશનલ ફિલ્ડ ક્વોન્ટમ મેગ્નેટિક રેઝોનન્સ (RFQMR), એન્હાસ્ડ એક્સટર્નલ કાઉન્ટર પલ્શન (EECP) જેવી સારવાર યોજના હેઠળ આવરી લેવામાં આવી છે. IPD યોજના હેઠળ તમામ ન્યરોલોજીકલ મેક્યુલર ડિજનરેટિવ ડિસઓર્ડર માટે સારવાર આવરી લેવામાં આવશે.

**૧૬.** ચોક્સ સંકેત માટે EECP આવરી લેવામાં આવશે.

**૧૭. આનુવાંશિક રોગો અને સ્ટેમ સેલ સર્જરી** ફક્ત લ્યુકેમિયા, લિમ્ફોમા અને મલ્ટીપલ માયલોમા અને પોલિસિસ્ટિક કિડની રોગ જેવા બ્લડ અને બોન મરો કેન્સર માટે હેમેટોપોએટીક સ્ટેમ સેલ ટ્રાન્સપ્લાન્ટેશન સાથે સંકળાયેલા કેસ માટે જ આવરી લેવામાં આવે છે.

**૧૮. યોગ્ય રીસીયલ નંબરવાળી રસીદ** સબમીટ કર્યા પછી, હોસ્પિટલમાં દાખલ થવાથી થતા નિદાન અને સારવા માટે ઉપયોગમાં લેવાતા CPAP, CAPD, Bi-PAP અને ઈન્ફ્યુઝન પંપ માટે ભાડા શુલ્ક, જે હોસ્પિટલમાં દાખલ થવાથી થાય છે. અથવા હોસ્પિટલમાં દાખલ થવા તરફ દોરી જાય છે, અનુક્રમે મહત્તમ ૩૦ અને ૯૦ દિવસ માટે. કવરેજ દરેક હોસ્પિટલમાં દાખલ થવા માટે બેઝ વીમા રકમના ૧૦% ની હોસ્પિટલ દાખલ થવા પહેલાં અને પછીના ખર્ચની અંકદર મર્યાદામાં હોવું જોઈએ.

**૧૯. ફિઝયોથેરાપી ચાર્જ** ડિસ્ચાર્જ સારાંશ હેઠળ ઉલ્લેખિત સમયગાળા માટે અથવા હોસ્પિટલમાં દાખલ થયા પછીના મહત્તમ ૯૦ દિવસના સમયગાળા માટે હોસ્પિટલમાં દાખલ થયા પહેલા અને પછીના ખર્ચની કુલ મર્યાદામાં, દરેક હોસ્પિટલમાં દાખલ થવા માટે ૧૦% બેઝ વીમા રકમ આવરી લેવામાં આવશે.

**૨૦. ડે-કેર લાભોઃ** ૨૧૮ ચોક્કસ સારવાર / તપાસ માટે ઓછામાં ઓછા ૨૪ કલાકની શરતી લાગુ પડતી નથી. સૂચિબદ્ધ પ્રક્રિયા ઉપરાંત, નીચેના સંજોગોમાં પણ ઓછામાં ઓછા ૨૪ કલાક હોસ્પિટલમાં દાખલ થવાની શરત લાગુ પડશે.

ટેક્નોલોજીકલ પ્રગતિને કારણે અને અન્યથા એક દિવસથી વધુ સમય હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર પડતી હોવાથી, હોસ્પિટલ/ડે-કેર સેન્ટરમાં જનરલ અથવા લોકલ એનેસ્થેશિયા હેઠળ સારવાર એક દિવસ કરતાં ઓછા સમયમાં કરવામાં આવે છે.

**૨૧. ડે-કેર ટ્રિટમેન્ટ** હેઠળ વીમામાંથી વળતર ફક્ત ત્યારે જ આપવામાં આવે છે. જો દર્દી માટે ઈનડોર પેશન્ટ તરીકે પ્રવેશ મેળવવામાં આવે. ઓપીડી બેસીઝ પર દાખલ થયેલા દર્દીઓના બીલની ભરપાઈ કરવામાં આવતી નથી.

**૨૨. વૈકલ્પિક સારવાર :** માન્ય સારવારની પ્રણાલી, જેમ કે આયુર્વેદિક, યુનાની, સિદ્ધ, હોમિયોપેથી હેઠળ હોસ્પિટલમાં દાખલ થવા અને ઘરેલું સારવાર (**SBI** હેલ્થ કેર સભ્યોને લાગુ) માટેના ખર્ચની ભરપાઈ આવરી લેવામાં આવે છે, જો આવી સારવાર

કેન્દ્ર/રાજ્ય સરકાર સાથે નોંધાયેલ હોસ્પિટલ/નર્સિંગ હોમ/ ક્લિનીકમાં લેવામાં આવશે.

**૨૩. સારવારમાં ફેરફાર** : સારવાર કરી રહેલા ડોક્ટરની ભલામણને આધીન, પોલિસીમાં એક સારવાર પદ્ધતિથી બીજી સારવાર પદ્ધતિમાં બદલવાની મંજુરી છે.

**૨૪. નશ્વર અવશેષો :** આ લાભ વીમાધારક/વીમાધારક વ્યક્તિના નશ્વર અવશેષોને હોસ્પિટલમાંથી તેના રહેઠાણ સ્થળ અથવા સ્મશાનભૂમિ સુધી લઈ જવાના ખર્ચ તરીકે **રૂા. ૧૦,૦૦૦/-** ની ભરપાઈની જોગવાઈ કરે છે, જો વીમાધારક/વીમાધારક વ્યક્તિનું હોસ્પિટલમાં બીમારી/ઈજા વગેરેની સારવાર દરમ્યાન મૃત્યુ થાય છે તો જ.

**૨૫. એમ્બ્યુલન્સ ચાર્જ :** ૫૦ કિ.મી.થી વધુ અંતરે શહેરી મુસાફરીના કિસ્સામાં, હોસ્પિટલની ટ્રીપ અને / અથવા બીજી હોસ્પિટલમાં ટ્રાન્સફર અથવા હોસ્પિટલથી ઘરે ટ્રાન્સફર માટે એમ્બ્યુલન્સ ચાર્જ રૂા. ૨૫૦૦/- સુધી ચુકવવાપાત્ર છે. આ રકમ પ્રતિ ટ્રીપ મહત્તમ રૂા. ૫૦૦૦/- હશે. કાર્ડિયાક એમ્બ્યુલન્સ માટે શહેરની અંદર અને શહેરી મુસાફરી બંને માટે મહત્તમ રૂા. ૭૫૦૦/- પ્રતિ ટ્રીપ રહેશે.

**૨૬. એર એમ્બ્યુલન્સ ચાર્જ :** ૫ લાખ રૂપિયા અને તેથી વધુ મૂળ વીમા રકમ ધરાવતી યોજના માટે એર એમ્બ્યુલન્સ ચાર્જ રૂા. ૫,૦૦,૦૦૦/-ની મર્યાદા સુધી આવરી લેવામાં આવે છે. એર એમ્બ્યુલન્સનો ખર્ચ કુલ વીમા રકમની અંદર રહેશે.

**૨૭. કર અન્ય શુલ્ક :** બધા કર, સરચાર્જ, સેવા શુલ્ક, નોંધણી શુલ્ક, પ્રવેશ શુલ્ક અને ટીપીએ પ્રોસેસિંગ શુલ્ક સ્વીકાર્ય છે.

**૨૮. ભૌગોલિક લીમીટ : ફક્ત ભારત.**

જો તમે પોલિસી અને બીમારીની મર્યાદા માટે દાવાની રકમ બંને હેઠળ આવરી લેવામાં આવ્યા છો. તો ટોચમર્યાદા, તમે પહેલા પોલિસી 'બી' હેઠળ રકમ અને બાકીની દાવાની રકમ પોલિસી 'એ' હેઠળ દાવો કરી શકો છો. માટે ઉદાહરણ તરીકે, એન્જીયોપ્લાસ્ટી કેપિંગ મર્યાદા રૂા. ૨.૫૦ લાખ છે. (મૂળભૂત પોલિસી માટે રૂા. ૩ લાખ) અને તમારૂં બિલ છે રૂા. ૪.૫૦ લાખ, તમે સૌ પ્રથમ પોલિસી 'બી' હેઠળ રૂા. ૨.૫૦ લાખના કેશલેસ/ ભરપાઈ દાવો લઈ શકો છો. અને પછી બાકી રૂા. ૨ લાખનો દાવો પોલિસી 'એ' હેઠળ વળતર તરીકે કરી શકાય છે. બંને પોલિસી માટે, દાવો ટીપીએ ને એટલે કે સંપૂર્ણ રકમ માટે બધા મૂળ બિલો સાથે પેરેમાઉન્ટ TPA ને સુપરત કરવાનો રહેશે. બાકી રકમના વળતરનો દાવો કરવા માટે, ઉપરોક્ત ઉદાહરણમાં ઉલ્લેખિત અન્ય પોલિસી હેઠળ સબમીટ કરવા માટે મંજૂર દાવાની સંખ્યા અને ઝેરોક્ષ નકલો પૂરતી છે.


With Best Compliments
from
Dr. Manjit Sing Bhalla
Dental Surgeon (B.D.S.)
to
SBI PENSIONER'S ASSOCIATION, AHMEDABAD CIRCLE
Bhalla Dental Clinic and Implant Centre
2nd Floor Galaxy Mall,
Nehrunagar Char Rasta,Satellite Road,
Ahmedabad-380 015 Gujarat. INDIA
E-mail : msbhalla@drbhalla.com
Tel. Clinic:+91 79 26730407, 9033050240
Resi. : 91+91 79 26852946, 26852744
(M) +91 9824193935 • Timings : 9.00 am 1.00 pm & 5.30 pm to 9.30 pm
Note : Free Consultation for All SBI Pensioners


Aashu Dental
& Multispeciality Clinic
DR. MANISH B. SHAH
(M.D.S. & EX.PROF., HEAD)
DR. JOLLY M. SHAH
(B.D.S.)
Medical Value TRAVEL Award by FICCI
Certificate of Award
30 YEARS OF EXPERTISE
NABH ACCREDITED
EMPANELLED WITH : CGHS, ECHS, IIMA, FCI
PRL, ISRO, ONGC, ESIC, WESTERN RAILWAY
Free Dental Consultation &
OPG Dental Scan for all SBI Pensioners
Latest Technologies Available
1
1st time in Gujarat OPG with CBCT T2 Machine (Dental Scan)
FREE DENTAL SCAN*
2 Intraoral Scanner
NAVRANGPURA : Dr. K.K. Shah's Bunglow,
Behind Navrangpura Post Office,
Navrangpura, Ahmedabad - 380009.
MONDAY TO SATURDAY : 09:00 AM - 07:00 PM
In-house ALIGNERS Available
SHELA : B/304, Sky City Arcade, O7 Club Road,
Shela, Ahmedabad.
Morning : 10:00 am - 01:00 pm | Evening : 05:00 pm - 08:00 pm
For more details call on +91 98251 58578

## મિત્રો... શું આપની લેવી /ડોનેશન બાકી છે ? જો હા હોય તો હમણાં જ જમા કરાવશો

**મિત્રો આપ સૌ સારી રીતે જાણો છો કે આપણા પેન્શનર્સ મિત્રોને પેન્શન વધારા પેટે બે પ્રકારે ફાયદા થયેલ છે અને આ બાબતે કાયદાકીય ખર્ચને પહોંચી વળવા ઉપરાંત ભવિષ્યની કોર્ટ કાર્યવાહીને ધ્યાને રાખી, એસબીઆઈ પેન્શનર્સ ફેડરેશનને મોકલવાના થતાં ફાળાને લક્ષમાં લઈ નીચે જણાવેલ રકમ પેન્શનર્સ એસોસિએશનને 'ડોનેશન' પેટે મોકલી આપવા વિનંતી કરી હતી. જે બાબતે નીચે મુજબ સ્પષ્ટતા કરવી જરૂરી જણાય છે.**

**ડોનેશન : (૧) "એક્ષગ્રેસીયા" દર મહિને આપના ખાતામાં જમા થાય છે જે પેન્શન સ્લીપમાં છેલ્લે દર્શાવેલ છે તે 'એક મહિના'નો વધારો પેન્શનર એસોસિએશનને આપવા વિનંતી કરેલ છે. (૨) ૪૦% થી ૫૦%ના વધારા બાબતે : આ વધારો માત્ર સ્કેલ-II અને ઉપરના સ્કેલના મિત્રોને જ મળવા પાત્ર છે. જે મિત્રોને રિટાયર્ડ થતી વખતે પેન્શન ચૂકવણી ઉપર લીમીટ હતી, જેના કારણે ૫૦% પેન્શન મળતું ન હતું તે આપણા મિત્રો અને ફેડરેશનની કાયદાકીય લડાઈથી ૧૦મી નવેમ્બર, ૨૦૨૩થી મળવાનું ચાલુ થઈ ગયેલ છે. ઉપરોક્ત કાયદાકીય લડાઈમાં આર્થિક ખર્ચ ઘણો જ થયેલ હોઈ જે ફેડરેશનને મોકલવાનો થતો હોઈ જે મિત્રોને ૪૦ થી ૫૦ ટકા પેન્શન વધારાનો લાભ મળેલ છે. તેમણે એક્ષગ્રેસીયાના એક માસના પેન્શનમાં થયેલ વધારા સાથે બંને મળી, કુલ રકમ જે થાય તે અથવા વધુમાં વધું રૂા. ૧૦,૦૦૦/- બે માંથી જે ઓછી રકમ હોય તે મોકલી આપવા આપને પેન્શનર્સ એસોસીએશને અપીલ કરેલ હતી. આ અંગે મિત્રોને વ્યક્તિગત પત્રો મોકલેલ છે તેમ છતાં જો કોઈને આ પત્ર ન મળ્યો હોય તો આ અપીલને ધ્યાને લઈ આપનું ડોનેશન જમા કરાવવા વિનંતી. ઘણાં મિત્રોમાં એવી ગેરસમજ પ્રવર્તે છે કે માત્ર એક્ષગ્રેસિયાનું ડોનેશન આપવાનું છે. જેથી આ સ્પષ્ટતા કરવી જરૂરી લાગી છે. જે મિત્રો પેન્શનર્સ એશો.ના સભ્યો નથી તેઓએ પણ ડોનેશન આપી અને સભાસદ પણ થવા વિનંતી કરવામાં આવે છે. જે મિત્રોને ડોનેશન જમા કરાવવાનું બાકી હોય તેઓએ સત્વરે ઓનલાઈન જમા કરાવી અથવા ચેક દ્વારા મોકલી આપવા વિનંતી. આપણા એસોસિએશનનો ખાતા નંબર નીચે પ્રમાણે છે. ઓનલાઈન જમા કરાવતી વખતે આપનો પી.એફ. નંબર ખાસ લખવા વિનંતી કરવામાં આવે છે.**

**Name : SBI Pensioners Association** **Account No. : 30855862333**

**Branch Name: AHMEDABAD MAIN BRANCH, AHMEDABAD (00301)**

**Branch IFSC Code: SBIN0000301**

**PF No. : __________ Name : ____________________________ MOBILE No. : __________________**

## ઓનલાઈન દ્વારા જમા કરાવેલ લેવી/ડોનેશન બાબત

એસબીઆઈ પેન્શનર્સ પરિવારના સભ્યો દ્વારા અવિરત ડોનેશન/લેવી જમા કરાવી રહ્યાં છે. ઘણાં સભ્યો દ્વારા ઓનલાઈન, યુપીઆઈ દ્વારા પેન્શનર્સ એસોસીએશનના ખાતામાં ડોનેશનની રકમ જમા કરાવેલ છે ત્યારે તેમના દ્વારા પીએફ નંબર તેમજ મોબાઈલ નંબર ન જણાવવાને કારણે ડોનેશન કોણે જમા કરાવ્યું અને ડોનેશનની ચોક્કસ વિગત મળતી નથી. જેના કારણે જમા કરાવેલ ડોનેશનની રસીદ તેમને પહોંચાડી શકાતી નથી. **તા. ૩૧-૦૫-૨૦૨૫** સુધીમાં જેમણે લેવી/ડોનેશનની રકમ જમા કરાવેલ હોય અને તેમના નામ પેન્શનર્સ પ્રકાશમાં આવ્યા ન હોય તેવા તમામ સભ્યોએ તાત્કાલિક **પીએફ નંબર, મોબાઈલ નંબર, તારીખ, નામ અને રકમ** એસોસિએશનના વોટ્સ નંબર **Whatsapp No. 99982 65158** ઉપર અથવા **E-mail ID: gujpension@gmail.com** મોકલી આપવા વિનંતી. જેથી આ રકમ તેમના નામે જમા લઈ શકાય અને ડોનેશનની રસીદ તેમના સરનામે પહોંચતી કરી શકાય અને પેન્શનર્સ પ્રકાશમાં તેમના નામ છાપી શકાય. જેની નોંધ લેવા વિનંતી.

Pooja Investment & Finance Consultancy

Mr. Amrish Shah
Mr. Harshit Shah
Financial Advisers
+91 93270 08653
+91 99789 08869

Mrs. Jyotsna Shah
VSE Member

> Fixed Deposits
> 54EC Capital Gain Bonds
> General Insurance
> NCD Bonds
> Mutual Funds
> Public Issues
> GOI Bonds
> Life Insurance

POOJA INVESTMENT & FINANCE CONSULTANCY PIFCO ESTD. 1982
TIME · MONEY · SAVINGS · GROWTH
CREATE YOUR WEALTH

G/22, Hemkoot Building,
Nr. Gandhigram Rly. Station,
Ashram Road, Ahmedabad-9.
Gujarat, INDIA.

Phone : +91 079 26581394
Email : info@poojainvestment.com
Site : www.poojainvestment.com

# LEVY / DONATION MAY- 2025

જે મિત્રોએ તા. ૦૧-૦૫-૨૦૨૫થી ૩૧-૦૫-૨૦૨૫ સુધીમાં લેવી / ડોનેશન જમા કરાવેલ છે તેઓની યાદી નીચે પ્રમાણે પ્રસિદ્ધ કરેલ છે. જેઓએ તા. ૧-૦૬-૨૦૨૫ પછી લેવી કે ડોનેશન જમા કરાવેલ છે. તેઓના નામ જુલાઈ માસના અંકમાં પ્રસિદ્ધ થશે. જેની નોંધ લેવા વિનંતી.

| DATE | PF NO. | NAME OF PENSIONER | RECT NO. | AMOUNT |
|---|---|---|---|---|
| | | **DONATION-2025** | | |
| 13-May-25 | 8269831 | HASMUKHRAI VASANTRAI SHAH | 28085 | 25000.00 |
| 17-May-25 | 1700065 | GHANSHYAMBHAI I. PATEL | 28097 | 11000.00 |
| 14-May-25 | 714690 | BHARAT D. UPADHYAY | 28088 | 10000.00 |
| 17-May-25 | 1715879 | PUSHOTTAM KUBERBHAI VAHORA | 28095 | 7500.00 |
| 06-May-25 | 1738496 | CHANDRAKANT VASHRAM DARJI | 28071 | 5000.00 |
| 17-May-25 | 3507254 | MEHBOOBKHAN KALIKHAN PATHAN | 28093 | 1111.00 |
| 06-May-25 | 5182484 | JETHALAL GOVINDJI VADUKAR | 28073 | 1000.00 |
| 17-May-25 | 738719 | BHARATKUMAR NATVERLAL BHATT | 28091 | 1000.00 |
| 17-May-25 | 1722867 | NAVNIT SHANKARLAL PARMAR | 28094 | 1000.00 |
| 17-May-25 | 1727559 | SUBHASHCHANDRA ISHWARLAL RAO | 28092 | 500.00 |
| 28-May-25 | 5171717 | LALJI NARAN BHADRECHA | 28112 | 500.00 |
| 06-May-25 | 8261148 | RAMABHAI BALABHAI MAHERIA | 28070 | 365.00 |
| 28-May-25 | 5171938 | VIJAYABEN BHAGWANDAS DEVMURARI | 28105 | 365.00 |
| 28-May-25 | 5195969 | RASHMIKANT KAKUBHAI PADH | 28106 | 365.00 |
| 28-May-25 | 5188180 | HARSHVADAN BHANUPRASAD TRIVEDI | 28107 | 365.00 |
| 28-May-25 | 8277877 | NATHU V. BADIDUN | 28108 | 365.00 |
| 28-May-25 | 5201217 | KHIMJIBHAI MEGHJIBHAI CHAVDA | 28109 | 365.00 |
| 28-May-25 | 5185114 | BHARATKUMAR PURSHOTTAMBHAI CHOTALIYA | 28110 | 365.00 |
| 28-May-25 | 5184622 | MAHENDRABHAI SHANTIBHAI KUKADIYA | 28111 | 365.00 |
| 28-May-25 | 5195039 | NAGESH SARVESHWARBHAI JANI | 28113 | 365.00 |
| 28-May-25 | 5198895 | GOVINDBHAI NARSINHBHAI VEKARIA | 28114 | 365.00 |
| 28-May-25 | 5180783 | PRAFULBHAI H. KAMDAR | 28115 | 365.00 |
| 28-May-25 | 8266816 | DHIRAJLAL G. JOSHI | 28116 | 365.00 |
| 28-May-25 | 5170230 | MANILAL L. DAVE | 28117 | 365.00 |
| 28-May-25 | 5194490 | RAJIBHAI CHHAGANBHAI BAMANIYA | 28118 | 365.00 |
| 28-May-25 | 5194490 | RAJIBHAI CHHAGANBHAI BAMANIYA | 28119 | 365.00 |
| 28-May-25 | 5183804 | RASIKBHAI NARSIBHAI BHATTI | 28120 | 365.00 |
| 28-May-25 | 8277133 | MANJULABEN NAGAJANBHAI ODEDARA | 28121 | 365.00 |
| 28-May-25 | 1702904 | JATINBHAI BABUBHAI GHEEWALA | 28122 | 365.00 |
| 28-May-25 | 1702904 | JATINBHAI BABUBHAI GHEEWALA | 28123 | 365.00 |

| DATE | PF NO. | NAME OF PENSIONER | RECT NO. | AMOUNT |
|---|---|---|---|---|
| | | **LEVY MAY 2025** | | |
| 19-10-2024 | 5194741 | ASHVIN SHAMBHULAL CHANDAN | 27244 | 10000.00 |
| 13-May-25 | 423823 | RAMILABEN CHANDRAKANTBHAI SHAH | 28087 | 10000.00 |
| 11-03-2025 | 743259 | PINAKIN BHAGWATIPRASAD SHUKLA | 27247 | 5528.00 |
| 01-May-25 | 5191769 | BHAVNA CHHELSHANKAR SHASTRI | 28065 | 5001.00 |
| 28-May-25 | 3520161 | HARSHADBHAI PITAMBERDAS PARMAR | 28124 | 5001.00 |
| 01-May-25 | 1711555 | HARESHKUMAR DAYALJI DESAI | 28064 | 5000.00 |
| 30-May-25 | 1700006 | VIJAYKUMAR PRAMODCHANDRA PARIKH | 28127 | 5000.00 |
| 31-May-25 | 1711555 | HARESHKUMAR DAYALJI DESAI | 28133 | 5000.00 |
| 06-May-25 | 732834 | MADHABHAI PURSOHTTAMDAS PATEL | 28074 | 3830.00 |
| 01-May-25 | 8262969 | ARVINDBHAI PREMSHANKAR JOSHI | 28063 | 3400.00 |
| 11-02-2025 | 1717634 | MUKESH BHAGUBHAI PARIKH | 27246 | 2500.00 |
| 06-May-25 | 1742353 | BHANUBHAI B. PANDYA | 28069 | 2400.00 |
| 05-May-25 | 5176395 | ATMARAM P. SHARMA | 28067 | 2300.00 |
| 21-09-2024 | 1853724 | ROHITKUMAR B. SHAH | 27242 | 2200.00 |
| 06-May-25 | 1715208 | SHIRISH BHOGILAL SHAH | 28072 | 2200.00 |
| 27-May-25 | 1730800 | BABULAL HARCHANDBHAI LEUVA | 28104 | 2100.00 |
| 06-May-25 | 1745492 | BABUBHAI KANJIBHAI PARMAR | 28080 | 1600.00 |
| 12-May-25 | 5178665 | SURESHKUMAR AJITRAI BHATT | 28083 | 1600.00 |
| 30-May-25 | 2894807 | PIYUSH GOVINDLAL MAKWANA | 28128 | 1500.00 |
| 01-03-2025 | 1738038 | BHAVNABEN BIPINBHAI GANDHI | 27240 | 1300.00 |
| 03-May-25 | 5197864 | BAGHUBHAI AMRUBHAI DHADHAL | 28066 | 1300.00 |
| 07-May-25 | 2905124 | SHASHANK NARENDRA TRIPATHI | 28078 | 1300.00 |
| 05-09-2024 | 5172241 | KANTIBHAI RAMJIBHAI PARMAR | 27241 | 1100.00 |
| 24-09-2024 | 5199913 | KAMLESH M TRIVEDI | 27243 | 1100.00 |
| 15-May-25 | 5217105 | ABHAY GORDHANDAS SHAH | 28090 | 1100.00 |
| 17-May-25 | 2898152 | DEEPAK SITARAM SHARMA | 28101 | 1100.00 |
| 30-May-25 | 2898322 | SUNIL MADHUKAR DIGHE | 28125 | 1000.00 |

SBI

DENTAL CARE IMPLANT AND LASER CENTER

DR.DEVAL TRIVEDI

MDS PERODONTIST IMPLANTOLOGIST AND LASER SURGEON

ALL DENTAL TREATMENT AND FACILITES ARE AVAILABLE WITH ADVANCE TECHNOLOGY

Address:-9,ground floor,Primate Building,Opp.Mother Milk Palace, Judges bungalow road,bodakdev
Mobile no:- 9974367802
Clinc Timings:- Monday to Saturday 10:00 AM - 3:00 PM | 5:00 PM - 8:00 PM
*Sunday by appointments only. Email I'd:-drdevaltrivedi@gmail.com

NOTE:- FREE CONSULTATION FOR ALL SBI PENSIONERS
SPECIAL DISCOUNT ON ALL DENTAL TREAMENT FOR SBI PENSIONERS AND THIER FAMILY MEMBERS,AHMEDABAD

# હવે તમારી આંખની સારવાર દુનિયાની સર્વશ્રેષ્ઠ ટેકનોલોજીથી

## 2,00,000 થી વધુ પેશન્ટની સફળ સારવાર

# ઓકયુરા આંખની હોસ્પિટલ

### સુપર સ્પેશ્યાલિસ્ટ આંખની હોસ્પિટલ

**તણાવમુક્ત અને ડાયનેમિક ઓપરેશન થિએટર**




CGHS-ECHS એમ્પેનલ્ડ | કેશલેસ સગવડ ઉપલબ્ધ | બ્લેડલેસ કેટરેક્ટ સર્જરી વિષે જાણવા સંપર્ક કરો.



પેશન્ટની સારવાર માટે

## એડવાન્સ અને લેટેસ્ટ રોબોટિક કેટરેક્ટ સર્જરી



SBI અને eSBI પેન્શનર્સના કાર્ડધારકો માટે નિ:શુલ્ક આંખની તપાસ

**મોતિયો | ઝામર | રેટિના (પડદો) | લેસિક | કોર્નીઆ | વિઝન થેરાપી અને રિહેબિલિટેશન સેન્ટર**

# કોમ્પ્રોમાઈઝ ન કરશો, ફક્ત બેસ્ટ પર જ વિશ્વાસ કરો.

**અમદાવાદ**
રાજપથ રંગોલી રોડ, પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઓડિટોરીયમની બાજુમાં, બોડકદેવ-380059
ફોન. 079-49131202/03/04, +91 9998055807

**ગાંધીનગર**
ગ્રાઉન્ડ ફ્લોર, સીનર્જી સ્પેસ, ડી માર્ટ મોલ અને પેન્ટાલૂન્સની વચ્ચે, સરગાસન-382421
ફોન. 079-49177290, +91 7043984900

**"એક એવી હોસ્પિટલ જે હોસ્પિટલ જેવો અનુભવ કરાવતી નથી"**

# ‘પ્લાસ્ટીક સર્જરી’ માટેની શ્રેષ્ઠ હોસ્પિટલ

CUTIS® HOSPITAL

## પુરૂષોમાં નાક પર થતી ગાંઠ - POTATO TUMOR OF NOSE

## RHINOPHYMA




**Before** **After**

રાઈનોફાયમા (RHINOPHYMA) ના દર્દીને મૂંઝવતા પ્રશ્નોના સચોટ અને વૈજ્ઞાનિક જવાબો મેળવવા માટે સ્કેન કરો :

ગુગલ મેપ માટે સ્કેન કરો

**ક્યુટીસ હોસ્પિટલ**
સર્વોપરી મોલ, ભૂયંગદેવ ચાર રસ્તા, સોલા રોડ, અમદાવાદ-૬૧.
એપોઈન્ટમેન્ટ માટે : 079-2747 4055 / 97257 07526
વધુ માહિતી માટે : 97259 99526 / www.cutishospital.com

**ડૉ. ચિંતન પટેલ**
M.Ch., D.N.B.
(Gold Medalist - Plastic Surgeon)







... માણસ જ્યારથી ઈલેક્ટ્રોનિક્સ ત્રાજવા વાપરતો થયો છે ત્યારથી નમતું જોખવાનું ભૂલી ગયો છે...


SBI | HOME LOANS
ટકાઉ ભવિષ્ય બનાવવામાં મદદ કરો, આજે જ!
તમારું પહેલું પગલું લો અમારી સાથે.
સોલાર રૂફટૉપ ફાઈનાન્સ સાથેની એસબીઆઈ હોમ લોન માટે અરજી કરો.
સ્પર્ધાત્મક વ્યાજ દર
કોઈ છુપા ચાર્જિસ નહીં
ઓછી પ્રોસેસિંગ ફી
સહાયતા માટે કૉલ કરો: 1800 11 2018 | અહીં મુલાકાત કરો: homeloans.sbi
Azadi Ka Amrit Mahotsav
આ ઉત્પાદન નીચે જણાવેલ એસડીજી સાથે જોડાયેલ છે અને સ્થાયી ભારત માટે યોગદાન આપે છે.
અમને અહીં ફોલો કરો

Registered under RNI No. GUJBIL/2007/29606.
"Registrered under Postal Registration No. GAMC-1658/2021-2023 valid upto X31st December-2023 issued by the SSPO's, Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO, on 26th of every month."
Licensed to Post Wihout Prepayment No. PMG/NG/053/2021-23 valid upto 31/12/2023



# ડો. પ્રતાપ દેસાઈ આઈ હોસ્પીટલ

| ડો. પ્રતાપ દેસાઈ | ડો. હેમાક્ષી પી. દેસાઈ | ડો. સુરોહી શાહ |
|---|---|---|
| M.S. (ઓપ્થોલમોલોજી) | M.S. (ઓપ્થોલમોલોજી) | M.S. (ઓપ્થોલમોલોજી) |

રિટાયર્ડ સિનિયર મેડીકલ ઓફીસર, SBI, LHO, અમદાવાદ.

હવે નવા સરનામા ઉપર અત્યાધુનિક સુવિધા સાથે જુનો વિશ્વાસ

ક્લિનિકઃ ૨૦૧/૨૦૨, ક્ષિતીજ આર્ચ, આઈઓસી પેટ્રોલ પંપ પાસે, ગોલ્ડન ટ્રાયેન્ગલ સામે, સ્ટેડીયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.

મળવાનો સમય : સવારે ૯.૩૦ થી ૦૧.૦૦ તથા સાંજે ૪.૦૦ થી ૭.૦૦ એપોઈન્ટમેન્ટ : (મો) ૯૩૧૬૫૬૫૧૫૦, ૦૭૯-૨૬૫૬૪૫૪૭

ચશ્માના નંબર લેજરથી ઉતારવા માટે : ક્લિયરવ્યુ લેસર સેન્ટર, સ્ટેડિયમ પ્લાઝા, યોગેશ ખમણ પાસે, સ્ટેડિયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪ ● સમય : સવારે ૧૦.૦૦ થી ૫.૦૦ ● ફોન : ૭૯૪૮૪૬૦૨૦૨, ૯૭૨૫૪૪૭૩૭૩

ડો. પ્રતાપ દેસાઈ પણ SBIના જ પેન્શનર્સ છે. જેમણે અવિરત છેલ્લા ૩૨ વર્ષથી SBI પરિવાર માટે સિનિયર મેડિકલ ઓફિસર તરીકે નિ:સ્વાર્થ સેવાઓ આપેલ છે.

ડો. દેસાઈની આઈ હોસ્પિટલ પેરેમાઉન્ટ ટીપીએ, એસબીઆઈ જનરલ ઈન્સ્યોરન્સ સાથે પ્રિમિયમ કેટેગરીમાં જોડાયેલ છે. (PPN Hospital Networkના રેટ્સ અમારી સર્જરી માટે લાગુ પડતા નથી) SBI અને e-SBI પેન્શનર્સ અને તેમના સ્પાઉઝને નિઃશુલ્ક કન્સલ્ટેશન

● એસબીઆઈ એમ્પ્લોઈઝ માટે ખાસ ●

સુવિધા કેસલેશ જેવી, લેન્સ ઉચ્ચતર ગુણવત્તાવાળો, કેસલેસ ક્લેઈમમાં લિમિટ હોવાથી લેન્સની ગુણવત્તામાં લિમિટ આવતી હોય છે. Reimbursementમાં કેસલેસની વધુ સુવિધાઓ

**મંથલી મિટીંગ :** જુલાઈ માસની મંથલી મિટીંગ તા. ૧૬-૦૭-૨૦૨૫ના રોજ બુધવારે બપોરે ૩.૩૦ કલાકે, બીજો માળ, સ્ટાફ કેન્ટીન, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, જુની લોકલ હેડ ઓફિસ, લાલ દરવાજા, અમદાવાદ ખાતે યોજવામાં આવશે. અમદાવાદના તમામ પેન્શનરોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અપીલ છે. આ મિટીંગ એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન દ્વારા ફેસબુક ઉપર લાઈવ કરવામાં આવશે.

સભ્યો માટે સંપર્ક સ્થળ : એસબીઆઈ ઝોનલ ઓફિસ
ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫ (સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૬ સુધી)
e-mail: gujpension@gmail.com ● whatsapp no. 99982 65158 આ વોટ્સએપ નંબર ઉપર માત્ર મેસેજ કરવો કોલ કરવો નહિં.
President - R. N. Choksi : 7600978838 (Vadodara) General Sec. - Kamal Kadri: 9825578619

The Views expressed in the articles/write ups in the magazine are not necessarily those of the Association / Editorial Board. Readers will please refer to the concerned writers / Authors as to the authenticity of facts/ figures.

The advertisement in the magazine are only commercial ones and don't confer any assurances/ recommnedations from the part of the Association and its office-bearers/ Editorial Board members. Readers may make any transactions with them only after their independent enquiries.

**Printed & Published by :** Kamal Kadri on behalf of State Bank of India Pensioners' Association & **Printed at : Print Vision,** Near Central Bank of India, Ambawadi Bazar, Ahmedabad-380006.
**Published from:** SBI Zonal Office, 3rd Floor, C.N. Vidhayalay, Ambavadi, Ahmedabad-380015

Editor : Kamal Kadri Editorial Board : R. N. Choksi, Smt. Lalitha Iyer, Kantilal Parmar, Chintak Patel

If undelivered please return to :
● પ્રકાશન સ્થળ ●
**એસબીઆઈ ઝોનલ ઓફિસ**
ત્રીજા માળે, સી.એન.વિદ્યાલય,
આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫